જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૯/૨૦૨૫ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૫૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૧૫૯ લીટર દેશી દારૂ, ૧૪૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૮૪ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૨ સ્કુટર, ૦૨ રીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૫૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૨૫૫/૨૦૨૫**

રીવરફ્રન્ટ વેસ્ટઃ વૈશાલીબહેન વા/ઓ નિરવકુમાર પટેલ (ઉ.વ.૩૨)(રહે.ગણેશકુંજ સોસાયટી સોલા સિવીલ સામે) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૯/૨૦૨૫ સાંજના ૫/૨૫ વાગ્યા પહેલા એલીસબ્રીજ નીચે ઘાટ પાસે રીવરફ્રન્ટ વોક–વે નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ મનહરસિંહ ચલાવે છે.

માધવપુરાઃ રિમાબા ધર્મેન્દ્રસિંહ જાડેજા (ઉ.વ.૨૮)(રહે.બીજો માળ, અંકલેશ્વરીયા બ્લોક, શાહિબાગ) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૯/૨૦૨૫ સાંજના ૭/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.કે ખાંટ ચલાવે છે.

મેઘાણીનગરઃ સહીસ્તાબહેન હિતેષભાઈ ગોહિલ (ઉ.વ.૨૭)(રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ શાક માર્કેટ પાસે મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૯/૨૦૨૫ સાંજના ૪/૪૦ વાગ્યાના સુમારે રહેણાંક ખાતે છતમાં હિંચકો બાંધવાના કડા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી "જી" ડિવિઝન ચલાવે છે.

નરોડાઃ મનોજકુમાર રાધેશ્યામ દુબે (ઉ.વ.૪૯)(રહે.શિવઉક્તિ સીટી રાઠવા પેટ્રોલ પંપ પાસે રીંગ રોડ નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૯/૨૦૨૫ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એમ.જોગડા ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી